સ.ફો.લી.પ્રે.અ. (વાય)-૧૦૯-૯૧,૦૦-૪-૦૨

# નમૂનો ૧૩ ક

## મતદારોના માર્ગદર્શન માટેની સૂચનાઓ

(જુઓ ૧૯૬૧ ના ચૂંટણી સંચાલન અંગેના નિયમોના નિયમ ૨૩(૧)(ઘ)
(લોકસભાની અથવા રાજ્ય વિધાનસભાની ચૂંટણી વખતે ઉપયોગમાં લેવી)

........................................................ મતદાર વિભાગમાંથી

........................................................ *માટેની ચૂંટણી

આ સાથે મોકલેલા મતપત્ર ઉપર જેમનાં નામ છાપ્યાં છે તે વ્યક્તિઓ ઉપર જણાવેલ ચૂંટણી માટેના ઉમેદવારો છે. આપ આપનો મત જેને આપવા ઈચ્છતા હો તે ઉમેદવારના નામની સામે સ્પષ્ટ રીતે નિશાની કરીને આપનો મત નોંધો. આપ કયા ઉમેદવારને આપનો મત આપી રહ્યા છો તે સ્પષ્ટપણે અને નિઃશંકપણે જણાઈ આવે એવી રીતે નિશાની કરવી જોઈએ. આપે કયા ઉમેદવારને આપનો મત આપ્યો છે. તે શંકાસ્પદ બને એવી રીતે નિશાની કરવામાં આવી હશે તો આપનો મત નકામો જશે.

ચૂંટવાના સભ્યોની સંખ્યા એક છે. યાદ રાખો કે આપનો ફક્ત એક મત છે. એથી આપે એકથી વધુ ઉમેદવારને મત આપવો જોઈએ નહિ. જો આપ એમ કરશો તો આપનું મતપત્ર રદ કરાશે.

મત આપવા માટે મતપત્ર પર આપે કરવી જોઈતી નિશાની સિવાય તેના પર આપની સહી કરશો નહિ કે કોઈ શબ્દ લખશો નહિ કે કોઈપણ નિશાની, ચિન્હ કે લખાણ કરશો નહિ.

મતપત્ર પર આપે આપનો મત નોંધ્યા પછી, આ સાથે મોકલેલા "એ" નિશાની કરેલા નાના પરબીડિયામાં મતપત્ર મૂકો. પરબીડિયું બંધ કરી તેને સીલ મારી અથવા અન્યથા સુરક્ષિત બનાવો.

(૧) એ પછી આપે આ સાથે મોકલેલ ફોર્મ-૧૩એ ના એકરારપત્રમાં પણ સવેતન મેજિસ્ટ્રેટની રૂબરૂ, સહી કરી, આવા સવેતન મેજિસ્ટ્રેટ પાસે આપની સહી પ્રમાણિત કરાવવી.

(૨) જો આપ સંઘના સશસ્ત્ર દળોના સભ્યો હો અથવા રાજ્યના સશસ્ત્ર પોલીસદળના સભ્યો હો, પરંતુ રાજ્ય બહાર સેવા બજાવતા હો તો યથાપ્રસંગ : આપ અથવા આપના પતિ, જે એકમ, નૌકા કે મહેકમમાં નોકરી કરતાં હો તેના કમાન્ડીંગ ઓફિસર આ અંગે જેની નિમણૂંક કરે એવા અધિકારી પાસે આપની સહી પ્રમાણિત કરાવવી.

(૩) ભારત બહારના કોઈ હોદ્દા પર ભારત સરકાર હેઠળ આપની નિમણૂંક થઈ હોય, તો આપ જે દેશમાં રહેતા હો તે દેશમાંના ભારતના રાજદ્વારી કે વાણિજ્યક પ્રતિનિધિ આ અંગે જેની નિમણૂંક કરે તેવા અધિકારી પાસે આપની સહી પ્રમાણિત કરાવવી.

(૪) જો આપ (૧) રાષ્ટ્રપતિ (૨) ઉપરાષ્ટ્રપતિ (૩) રાજ્યના રાજ્યાપાલ (૪) સંઘ કે કોઈ રાજ્યના કેબિનેટ મંત્રી (૫) આયોજના પંચના નાયબ અધ્યક્ષ અને સભ્ય (૬) સંઘ કે કોઈ રાજ્યના રાજ્યમંત્રી (૭) સંઘ કે કોઈ રાજ્યના નાયબમંત્રી (૮) લોકસભા કે કોઈ રાજ્યની વિધાનસભાના અધ્યક્ષ (૯) કોઈ રાજ્ય વિધાન પરિષદના અધ્યક્ષ (૧૦) સંઘ પ્રદેશના ઉપ-રાજ્યપાલ (૧૧) લોકસભા કે કોઈ રાજ્ય વિધાનસભાના નાયબ અધ્યક્ષ (૧૨) રાજ્યસભા કે કોઈ રાજ્ય વિધાન પરિષદના નાયબ અધ્યક્ષ (૧૩) સંઘ કે કોઈ રાજ્યના સંસદીય સચિવનો હોદ્દો ધરાવતા હો, તો યથાપ્રસંગ, સંઘ કે રાજ્ય સરકારના નાયબ સચિવશ્રી ઉતરતા દરજ્જાના ન હોય એવા અધિકારી પાસે આપની સહી પ્રમાણિત કરાવવી.

(૫) જો આપ ચૂંટણી અંગેની ફરજ પર હો તો કોઈપણ રાજ્યપત્રિત અધિકારી પાસે અથવા જે મતદાન મથકે આપ ચૂંટણી અંગેની ફરજ પર હો તે મતદાન મથકના પ્રમુખ અધિકારી પાસે આપની સહી પ્રમાણિત કરાવવી.

(૬) જો આપ પ્રતિબંધક અટકાયત હેઠળ હો, તો જેલના સુપ્રિટેન્ડન્ટ પાસે અથવા આપ જે છાવણીમાં અટકાયત હેઠળ હો તે અટકાયતી છાવણીના કમાન્ડન્ટ પાસે આપની સહી પ્રમાણિત કરાવવી.

---

* અહીં ચૂંટણી અંગેની યોગ્ય વિગત ભરવી.

ઉપરના તમામ કેસોમાં આપે અધિકૃત અધિકારી પાસે આપનું એકરારનામું લઈ જઈ આપની ઓળખ અંગે એ અધિકારીને ખાતરી થયા બાદ, તેમની રૂબરૂમાં તે પર સહી કરવી. સદરહુ અધિકારી આપની સહી પ્રમાણિત કરી, આપનું એકરારનામું આપને પરત કરશે. આપે સાખ કરતાં અધિકારીને આપનું મતપત્ર બતાવવું નહિ કે આપે કઈ રીતે મત આપ્યો છે, એ જણાવવું નહિ.

નિરક્ષરતા, અંધાપા કે અન્ય શારીરિક અશક્તિના કારણે આપ ઉપર દર્શાવેલી રીતે મતપત્ર પર નિશાની અને એકરારનામા પર જાતે સહી કરી શકો એમ ન હો તો ઉપર જણાવેલ પૈકી કોઈપણ અધિકૃત અધિકારી પાસે આપના વતી આપના મત પર નિશાની કરાવવા અને એકરારનામા પર સહી કરાવવા આપ હકદાર છો. આવા અધિકારી આપની વિનંતીથી, આપની રૂબરૂ અને આપની ઈચ્છા અનુસાર આપના મતપત્ર પર નિશાની કરશે. આ અંગેનું જરૂરી પ્રમાણપત્ર પણ તે પૂરૂં કરી આપશે.

આપના એકરાર પર સહી થઈ જાય અને આપની સહી પ્રમાણિત કરવામાં આવે ત્યારબાદ, નમૂના ૧૩-અ માંના એકરારનામાને તેમજ મતપત્ર ધરાવતા ''એ''ર નિશાનીવાળા નાના પરબીડીયાને ''બી'' નિશાનીવાળા મોટા પરબીડીયામાં મૂકો, મોટું પરબીડીયું બંધ કર્યા બાદ તેને ટપાલ દ્વારા કે સંદેશાવાહક દ્વારા રિટર્નિંગ ઓફિસરને મોકલો. (''બી'' નિશાનીવાળા પરબીડીયા પર રાખેલી જગ્યામાં આપે આપની પૂરી સહી કરવાની છે. પરબીડીયું ભારતમાં જ મોકલવાનું હોય તો આપે ટપાલ ટીકીટ લગાડવાની જરૂર નથી. પણ આપ ભારત સરકાર હેઠળ ભારત બહારની જગ્યા પર નોકરી કરતાં મતદાર હો, તો આપ જેમાં નોકરી કરતાં હો તે કચેરી દ્વારા તેના પર જરૂરી ટપાલ ટીકીટ યોગ્ય રીતે લગાડાવીને પરબીડીયું એરમેઈલ સર્વિસ દ્વારા રીટર્નિંગ ઓફિસરને સીધું પરત કરશો. સિવાય કે પરબીડીયું ડિપ્લોમેટિક બેગ મારફત મોકલવામાં આવતું હોય.)

પરબીડીયું રીટર્નિંગ ઓફિસરને .................................................. ના રોજ .............................................................. વાગ્યા પહેલા મળે તેની આપે ખાતરી કરી લેવી જોઈએ.

નોંધ લેવા વિનંતી કે,

(૧) જો ઉપર દર્શાવેલી રીતે આપનું એકરારનામું અધિકૃત કે પ્રમાણિત કરવામાં નિષ્ફળ જશો તો આપના મતપત્રનો સ્વીકાર કરવામાં આવશે નહિ, અને

(૨) જો પરબીડીયું રીટર્નિંગ ઓફિસરને -

.............................................................. *ના રોજ

................................................................. *વાગ્યા બાદ મળે, તો આપના મતને ગણતરીમાં લેવામાં આવશે નહીં.

---

* અહીં મત-ગણતરી શરૂ કરવા માટે નિયત કરાયેલ સમય અને તારીખ દર્શાવવા.